પ્રાંતિજના પોગલુ ખાતે કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ યોજાયો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના પોગલુ ખાતે આવેલ પોગલુ પ્રાથમિક શાળા ખાતે કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ યોજાયો હતો જેમા મંત્રી કુબેરભાઈ ડીંડોર ઉપસ્થિત રહ્યા હતા. પ્રાંતિજના પોગલુ ગામે આવેલ પ્રાથમિક શાળા ખાતે કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ યોજાયો હતો જેમા જિલ્લા પ્રભારી અને મંત્રી કુબેરભાઈ ડીંડોર ઉપસ્થિત રહીને શાળામા ધોરણ-૧ મા પ્રવેશ લઈ રહેલ બાળકો ને શાળા પ્રવેશ અપાવ્યો હતો તો પ્રવેશ લઈ રહેલ બાળકોને કિટ આપવામા આવી હતી તો શાળા સંકુલ મા મંત્રી તથા આવેલ મહેમાનો દ્વારા આયોવેદિક વૃક્ષો નુ વુક્ષારોપણ કરવામા આવ્યુ હતુ તો આ પ્રસંગે પ્રાંતિજ-તલોદ ના પ્રાંન્ત અધિકારી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી હર્ષદભાઇ ચૌધરી, સરપંચ શામળભાઈ પટેલ, મહંત સુનીલદાસજી મહારાજ, બી.આરસી જીગ્નેશભાઈ પટેલ, શાળાના આચાર્ય જીનલ બેન પટેલ શાળા પરિવાર સહિત SMC સભ્યો ગ્રામજનો મોટી સંખ્યામા ઉભા રહ્યા હતા.

પ્રાંતિજ શાળા નંબર-૨ ખાતે કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ યોજાયો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ શાળા નંબર-૨ અને ચંચળબાનગર ખાતે આવેલ પ્રાથમિક શાળાનો શાળા પ્રવેશોત્સવ તથા કન્યા કેળવણી મહોત્સવ યોજાયો . પ્રાંતિજ ના ભાંખરીયા બસસ્ટેન્ડ પાસે આવેલ શાળા નંબર-૨ ખાતે શાળા નંબર-૨ તથા ચંચળબાનગર પ્રાથમિક શાળાનો કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ યોજાયો હતો જેમા પ્રાંતિજ ના નાયબ કાર્યપાલ ઈજનેર સિંચાઇ વિભાગના પી.એન.ભાભોર ના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો જેમા ધોરણ-૧ મા પ્રવેશ મેળવનાર વિધાર્થીઓ વિધાર્થીનીઓને કીટ આપીને પ્રવેશ આપવામા આવ્યો હતો તો આ પ્રસંગે પ્રાંતિજ શાળા નંબર-૨ ના જીસ્ઝ ના અધ્યક્ષ રમેશભાઈ પરમાર તથા ચંચળબાનગર શાળાના અધ્યક્ષ રાઠોડ પરબતસિંહ , શાળા નંબર-૨ ના આચાર્ય કિશનસિંહ પરમાર તથા ચંચળબાનગર ના આચાર્ય પલ્વીબેન મિસ્ત્રી તથા ઝઈઝ મકવાણા પિયુષભાઈ તથા બન્ને શાળા જીસ્ઝ સભ્યો અને સ્ટાફ શિક્ષક ભરતભાઈ પ્રજાપતિ , દાતા કડિયા રેણુકા બેન ઉપસ્થિત રહ્યા હતા જયારે આવનાર મહેમાનો દ્વારા શાળા સંકુલ મા આયોવેદિક વૃક્ષો નુ વુક્ષારોપણ કરવામા આવ્યુ.

શામળાજી પંથકમાં ભારે પવન સાથે વરસાદ : ભારે બફારાથી રાહત

અરવલ્લી જિલ્લામાં હજુ વાવણી લાયક વરસાદ થયો નથી જિલ્લામાં મેઘરાજાએ રીસામણા લીધા હોય તેમ વાદળો ગોરંભાયા પછી વિખેરાઈ જતા ખેડૂતો સહીત લોકો ચાતક નજરે વરસાદની રાહ જોઈ રહ્યા છે અનેક સ્થળોએ વરસાદી ઝાપટાં તો ક્યાં ભારે પવન સાથે વરસાદી ઝાપટા પડી રહ્યા છે શામળાજીના મોટા કંથારીયામાં ભારે પવન સાથે મેઘરાજા મહેરબાન થતા ખેડૂતો સહીત લોકોમાં આનંદ છવાયો હતો. શામળાજી પંથકમાં ગુરુવારે બપોરના સુમારે વાતાવરણમાં ભારે પલટો આવ્યો હતો ઠેર ઠેર વરસાદી ઝાપટા પડ્યા હતા મોટા કંથારીયા ગામમાં ભારે પવન સાથે વરસાદ ખાબક્યો હતો વરસાદનું આગમન થતા અસહ્ય બફારા અને ગરમી થી લોકોએ રાહત અનુભવી હતી જો કે હજુ સુધી જીલ્લામાં વાવણી લાયક વરસાદ ન થતા ખેડુતો ચિંતિત બન્યા છે

પ્રાંતિજ ખાતે ભાજપ દ્વારા ૨૩ જુન દિવસને બલિદાન દિવસ તરીકે ઉજવ્યો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે ભાજપ દ્વારા ૨૩ જૂન દિવસ ને બલિદાન દિવસ તરીકે ઉજવવામા આવ્યો. પ્રાંતિજ ભાજપ શહેર મંડળ દ્વારા ૨૩ મી જુન શ્યામા પ્રસાદ ની પૂણ્ય તેથી હોઈ ભાજપ દ્વારા આ દિવસ ને બલિદાન દિવસ તરીકે ઉજવવામા આવ્યો હતો ત્યારે પ્રાંતિજ ખાતે પણ ભાજપ પ્રાંતિજ શહેર મંડળ દ્વારા ભાંખરીયા બસસ્ટેશન પાસે આવેલ શેઠ.પી.એન્ડર આર હાઈસ્કુલ ના સાંસ્કૃતિક ભવન હોલ ખાતે બલિદાન દિવસ ની ઉજવણી કરવામા આવી હતી જેમા જિલ્લા પ્રભારી અને મંત્રી કુબેરભાઈ ડીંડોર , નગરપાલિકા પ્રમુખ દિપકભાઈ કડીયા, શહેર પ્રમુખ નિત્યાનંદભાઈ બ્રહ્મભટ્ટ, કલ્પિતભાઈ દવે , કોર્પોરેટર ધવલભાઈ રાવલ , રાજેશભાઈ ટેકવાણી, નયનભાઈ દેસાઈ, મહિલા મોરચા ના પ્રમુખ જિજ્ઞાબેન બેન સોની, ઉપપ્રમુખ પદમાબેન રાવલ, મંત્રી સોનલબેન દેસાઈ, રિધ્ધીબેન ભટ્ટ સહિત ભાજપ કાર્યકરો આગેવાનો શાળાના વિધાર્થીઓ તથા શાળા સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો અને પુણ્યતિથી દિવસ ને બલિદાન દિવસ તરીકે ઉજવ્યો હતો.

અરવલ્લીના વહીવટી તંત્રમાં વિધાનસભા ચૂંટણીની તૈયારીઓ

૧૦૪૨ મતદાન મથકોની ભૌતિક સુવિધા ચકાસવા તંત્ર દોડવું

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૩

અરવલ્લી જિલ્લાના વહીવટી તંત્રમાં વિધાનસભા ચૂંટણીની તૈયારીઓ જોવા મળી રહી છે. ૧ ઑગષ્ટથી મતદાર યાદી સુધારના કાર્યક્રમ શરુ થવાનો છે. જેથી ચૂંટણીલક્ષી કામગીરીના ભાગરુપે જિલ્લાના ૧૦૨ મતદાન મથકોની ભૌતિક સુવિધા ચકાસવા માટે અધિકારીઓ દોડતા થયા છે. મતદાન મથકોની ચકાસણી દરમ્યાન ઉચ્ચ અધિકારીઓની સાથે ચૂંટણી વિભાગના મામલતદાર, બી.એલ.ઓ. સહિતના સ્ટાફની ઉપસ્થિતિમાં વિગતો મેળવી આખરી મતદાર યાદી તૈયાર થયા પછી જ્યાં જરૂર જણાશે ત્યાં નવા મતદાન મથકો ઉભા કરવા માટેની કવાયત તેજ બની છે.

આગામી વિધાનસભાની ચૂંટણીઓને ધ્યાનમાં રાખી રાજકીય પક્ષો દ્વારા સંગઠનાત્મક કાર્યક્રમો શરુ કરવામાં આવ્યા છે. નવા હોદેદારોની નિમણૂકો કરી ભાજપ અને કૉંગ્રેસ દ્વારા ચૂંટણીલક્ષી તૈયારીઓ હાથ

ધરવામાં આવી છે જેમાં હવે વહીવટી તંત્રએ પણ વિધાનસભા ચૂંટણીને લઈ મતદાન મથકોની ચકાસણી શરુ કરી છે. અરવલ્લી જિલ્લામાં વહીવટી તંત્ર દ્વારા આગામી વિધાનસભાની ચૂંટણીઓ તેમજ ૧ ઑગષ્ટથી શરૂ થનાર મતદાર યાદી સુધારણા કાર્યક્રમને ધ્યાનમાં રાખી ૧૦૨ જેટલા મતદાન મથકોમાં ભૌતિક સુવિધાઓ તપાસવામાં આવી રહી છે. જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં ચૂંટણી સમયે ઉભા થતા મતદાન મથકોમાં હાલની કેવી સ્થિતિ છે તે અંગેનો ચિતાર મેળવવામાં આવી રહ્યો છે. અધિકારીઓ દ્વારા બી.એલ.ઓ.ને સાથે રાખી મતદાન મથકોની સ્થિતિનો તાગ મેળવવામાં આવી રહ્યો છે જેમાં મોટાભાગની કામગીરી હવે પૂર્ણ થવાની તૈયારીમાં હોવાનું જાણવા મળ્યું છે. જિલ્લામાં હમણાં સુધી વહીવટી તંત્ર કારમાં ઉનાળામાં પીવાના પાણીની ઉદભવેલી સ્થિતિને પહોંચી વળવા માટે પાણીના આયોજનોમાં વ્યસ્ત રહ્યું હતું પરંતુ આગામી વિધાનસભાની ચૂંટણીની ગમે ત્યારે જાહેરાત થઈ શકે તેમ હોવાથી બાયડ, ધનસુરા, માલપુર, મેઘરજ, મોડાસા અને ભિલોડા તાલુકામાં ચૂંટણી દરમ્યાન ઉપયોગમાં લેવાતા શાળાઓના મતદાન મથકોની ચકાસણીનો ધમધમાટ તંત્રમાં સ્પષ્ટ જોવા મળી રહ્યો છે.

મુખ્યમંત્રીએ ડીસા તાલુકાના આખોલ ખાતે પાણી પુરવઠા યોજનાના કામોનું નિરીક્ષણ કર્યું

પાલનપુર, તા. ૨૩

બનાસકાંઠા જિલ્લામાં પધારેલા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ બાદ ડીસા તાલુકાના આખોલ ખાતે પ્રગતિશીલ પાણી પુરવઠા યોજનાના કામોનું નિરીક્ષણ કર્યું હતું. ત્યારબાદ મુખ્યમંત્રીશ્રીએ સ્પોર્ટસ કલબ અને ડીસા સીવીલ હોસ્પિટલની મુલાકાત લીધી હતી.

મુખ્યમંત્રીશ્રીએ આખોલ ખાતે પાણી પુરવઠા વિભાગની ૫૦ એમ.એલ.ડી. જળ શુદ્ધિકરણ પ્લાન્ટની સાઈટની મુલાકાત કરી અધિકારીઓ પાસેથી યોજનાની વિગતો જાણી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, રૂ.૫૫૯.૫૭ કરોડના ખર્ચે તૈયાર થઈ રહેલ જુથ પાણી પુરવઠા યોજના મુખ્ય હેડ વર્કસથી બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકાના ૫૧ ગામો, લાખણી તાલુકાના ૩૭ ગામો અને અમીરગઢ તાલુકાના ૬૮ ગામો મળી કુલ ૧૫૬ ગામોના ૮ લાખ લોકોને પીવાના પાણીની સુવિધાનો લાભ મળશે. સરળ અને મૃદુ સ્વભાવના મુખ્યમંત્રીશ્રીએ આખોલ હેડ વર્કસના શ્રમજીવી મહિલાઓ અને પુરુષ કામદારો સાથે ફોટો પડાવી તેમની કોમન મેન (સી.એમ) હોવાની છબી ઉજાગર કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ ડીસા સ્પોર્ટસ ક્લબની શુભેચ્છા મુલાકાત લઈ રમત-ગમતની વિવિધ સુવિધાઓનું નિરીક્ષણ કરી ખેલાડીઓ સાથે બેડમિન્ટન રમવાનો આનંદ માણ્યો હતો. ત્યારબાદ મુખ્યમંત્રીશ્રીએ ડીસા સીવીલ હોસ્પીટલની મુલાકાત લીધી હતી. જ્યાં તેઓએ સિવિલ હોસ્પિટલના ડાયાલિસિસ સેન્ટર, ન્યુ બોર્ન બેબી વોર્ડ, બાળકોનો વોર્ડ, મેટરનીટી વોર્ડની મુલાકાત કરી માતૃશક્તિ પોષણ કીટનું વિતરણ કર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ અધિકારીઓ તથા પદાધિકારીઓ સાથે બેઠક કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ ડૉ.શ્યામાપ્રસાદ મુખરજીની ૬૯ મી પુણ્યતિથિ નિમિત્તે તેમની છબીને પુષ્પાંજલિ આપી શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા. મુખ્યમંત્રીશ્રીની મુલાકાત પ્રસંગે ડીસાના ધારાસભ્યશ્રી શશીકાંતભાઈ પંડ્યા, ડીસા નગરપાલિકા પ્રમુખશ્રી રાજુભાઈ ઠક્કર, એપીએમસી ડીસાના ચેરમેનશ્રી માવજીભાઈ દેસાઈ, જિલ્લા કલેક્ટરશ્રી આનંદ પટેલ, જિલ્લા પોલીસ વડાશ્રી અક્ષયરાજ મકવાણા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી સ્વપ્નિલ ખરે સહિત પદાધિકારીઓ-અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

હનુમાન ચાલીસાનો વિરોધ અઘાડી સરકારના ચાલીસ ધારાસભ્ય તોડશે

થર્ડ અમ્પાયરની દ્રષ્ટિએ....?

બાયડ તા.૨૩

ઉદ્ધવ ઠાકરેએ સત્તાની લાલચમાં શિવસેના સુપ્રીમો બાલાસાહેબની છબી બગાડીને મૂકી દીધી.... હનુમાન ચાલીસાનો વિરોધ અને મુસ્લિમો પ્રત્યેનું કુણું વલણ ઉદ્ધવ ઠાકરેને ભારે પડી રહ્યું છે!! હિન્દુત્વની નિંદા કરનાર હિન્દૂ દેવી દેવતાઓની ઠેકડી ઉડાડનાર ઔવેશીની રાજ્યસભા ઉમેદવારની જીત માટે દાઢી પંપાળનાર ઉદ્ધવ ઠાકરે હવે મહારાષ્ટ્રમાં સરકાર ગુમાવશે તે નક્કી છે... જે આપણા દેવી દેવતાઓને ગાળ આપે તેનું પાણી પણ શું કામ પીવું જોઈએ???

શિવસેનાના ઉદ્ધવ ઠાકરેની ઉદ્ધતાઈનો ભોગ પક્ષના બીજા ધારાસભ્યો બન્યા... હિંદુત્વના મુદ્દે શિવસેનાએ વોટ લીધા એટલે જનતા શિવસેનાના ધારાસભ્યોને પોતાના વિસ્તારમાં ખરૂ ખોટું સંભળાવી રહી છે!! ધારાસભ્યો પ્રજાના મહેણાં ટોણા સાંભળીને કંટાળી ગયા છે... આનો ચમત્કાર રાજ્યસભાની ચૂંટણી વખતે બતાવવામાં આવ્યો છતાંય ઉદ્ધવજી સમજી ના શક્યા અને વિધાનપરિષદની ચૂંટણીમાં ભાન કરાવી દીધું.... ગઈકાલે શિવસેનાના નારાજ ધારાસભ્યોએ સુરતની વાટ પકડી જે મહારાષ્ટ્ર સરકારની વાટ લગાડી દેશે!!

ઉદ્ધવજી તમે હનુમાન ચાલીસાનો વિરોધ કરતા હતા પણ હવે હનુમાનજીએ પૂછડું હલાવ્યું છે જેની લપેટમાં તમારી સરકારના ચાલીસ ધારાસભ્યો આવી ગયા છે તો શું હાલ શિવસેનાના થવાના છે એ આવનાર બે દિવસમાં જ ખબર પડી જશે!! પરિણામ તો જે આવે તે પણ હનુમાનજીએ ચાલીસ ધારાસભ્યોને તેમના પૂછડે બાંધ્યા તો જરૂર છે.... હનુમાનજીનું અપમાન કરવાથી લંકાપતિ રાવણના જે હાલ થયા તે ઉદ્ધવજીની શિવસેનાના થવા જઈ રહ્યા છે....

વ્યક્તિ અથવા પક્ષ જ્યારે પોતાના એજન્ડા ભૂલીને રસ્તો બદલે છે ત્યારે તેના પરિણામ ગંભીર આવીને રહે છે... વર્તમાન શિવસેના તેમના સુપ્રીમોના એજન્ડાથી ભટકી ગઈ... જેટલી લોકપ્રિયતા બાલાસાહેબને મળી હતી બરાબર એટલીજ નામોસી ઉદ્ધવ ઠાકરેને મળવાની તૈયારી થઈ ચૂકી છે...

ધાનેરા તાલુકામા આવેલ મેવાડામાં પુત્રને કિડનીનું દાન આપી પિતાએ નવજીવન બક્ષ્યું

ધાનેરા તા.૨૩

ધાનેરા તાલુકાના મેવાડા ગામમાં રહેતાં મહેન્દ્રભાઈને તેમના પિતા રામભાઈએ ભણાવી ગણાવીને મોટા કર્યા હતા અને લગ્ન કરાવ્યા હતા. જેમના લગ્ન જીવન દરમિયાન ૩ સંતાનો છે જો કે, મહેન્દ્રભાઈની બંને કિડનીઓ ફેલ થઈ જતાં તેમનો પરિવાર મુશ્કેલીમાં મૂકાઈ ગયો હતો .આ અંએ વધુ વિગતો આપતાં અમારા ધાનેરાના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ જણાવે છે કે, આવા મુશ્કેલીના સમયે પિતા જીવનદાતા બનીને સામે આવ્યા હતા. તે સમયે પોતાના પુત્રને નવુ જીવન આપવા માટે રામભાઈએ એક ક્ષણનો પણ વિચાર કર્યા વગર પોતાની કિડની પુત્રને આપવાની તૈયારી બતાવી હતી. જેના કારણે આજે મહેન્દ્ર સામાન્ય રીતે પોતાના ૩ સંતાનો સાથે જીવન જીવી રહ્યા છે .પિતા માત્ર આર્થિક રીતે મદદરૂપ નથી બનતા પણ જયારે શરીરના કોઈ ભાગની જરૂર સંતાનને પડે તો પહેલાં હંમેશા પિતાની હોય છે મહેન્દ્રભાઈ માટે તેમના પિતા ભગવાન કરતાં પણ અધિક છે.

૬ મહિના બાદ તેલના ભડકે બળતા ભાવમાં રાહત થઈ

જિલ્લામાં ખાદ્ય તેલના ભાવમાં ડબા દીઠ રુ ૧૦૦ થી ૩૦૦નો ઘટાડો

કાળઝાળ મોંઘવારીમાં તેલ સસ્તુ થયું બાયડ

(બ્યુરો ઓફિસ), તા.૨૩

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ખાદ્ય ચીજવસ્તુઓમાં ભડકે બળતા ભાવ વચ્ચે ખાદ્ય તેલ સસ્તુ થયું છે. ૬ મહિના પછી તેલના ભાવમાં રાહત થઈ છે જેમાં ૧૫ કીલોગ્રામ દીઠ ડબાના ભાવમાં રુ ૧૦૦ થી ૩૦૦નો ઘટાડો થયો છે. લગ્નગાળો પૂર્ણ થયા પછી તેલની માંગ ઓછી થઈ છે. તે સંજોગોમાં કપાસીયા, સરસવ, સનફૂલાવર અને પામોલીન તેલના ભાવ ઘટ્યાનું વેપારીઓ જણાવી રહ્યા છે. છેલ્લા કેટલાય સમયથી જીવન જરૂરીયાતની તમામ ચીજવસ્તુઓમાં મોંઘવારી હાવિ થઈ છે. શાકભાજી, કઠોળ, રાંધણગેસ અને ઈંધણમાં થયેલા ભાવ વધારાએ સામાન્ય પરિવારોનું જીવન બેહાલ કરી ચૂક્યું છે. લગ્નગાળાની સીઝનમાં તેલના ભાવમાં અસહ્ય ભાવ વધારો ઝીંકાયો હતો. કપાસીયા સહિતના તેલ મોંઘા થયાં હતાં જેથી એક રીતે ગરીબ પરિવારોને તેલની ખરીદી ઉપર કાપ મૂકવો પડે તેવી સ્થિતિ ઉભી થઈ હતી ૬ મહિનાથી તેલના ભાવ ઉંચી સપાટીએ રહ્યા પરંતુ હવે ચોમાસાના આરંભે ખાદ્ય તેલના ભાવમાં ઘટાડો થયો. જિલ્લામાં છેલ્લા ૧૦ દિવસથી ક્રમશ રીતે તેલના ભાવ ઘટી રહ્યા છે જેમાં ડબા દીઠ ૨ ૧૦૦ થી ૩૦૦ નો ઘટાડો જોવા મળ્યો છે. જિલ્લામાં ખાદ્ય ચીજવસ્તુઓમાં હમણાંથી ભાવ વધારો બેકાબુ બન્યો છે ત્યાં ખાદ્ય તેલમાં થયેલા ભાવ ઘટાડાના કારણે હજારો પરિવારોએ રાહત અનુભવી છે. વેપારીઓનું માનીએ તો હાલની સ્થિતિએ કપાસીયા, સરસવ, સનફ્લાવર અને પામોલીન તેલમાં ભાવ જરુર ઘટ્યા છે પરંતુ સીંગતેલના ભાવ હજુ ઉંચી સપાટીએ હોવાનું જાણવા મળ્યું છે. ખાદ્ય તેલના ઘટેલા ભાવમાં કપાસીયા તેલના ૧૫ કીલોના ડબા દીઠ રુ ૧૫૦, સરસવમાં રુ ૧૦૦, સનફ્લાવરમાં ૧૫૦ અને પામોલીન તેલમાં ૪ ૩૦૦નો ઘટાડો થયો છે.

બાલાસિનોર-અંબાજી એસ.ટી. બસના કંડક્ટરોની મનમાનીથી વિદ્યાર્થીઓ, મુસાફોમાં રોષ

મોડાસા કોલેજનું સ્ટેન્ડ ન હોવાનું કહી બસમાં બેસવા ન દેવાતાં ફરિયાદ

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૩

બાલાસિનોર-અંબાજી રુટ ઉપર દોડતી બાલાસિનોર ડેપોની બસના કંડક્ટરોની મનમાનીથી રુટના વિદ્યાર્થીઓ અને મુસાફરોમાં રોષ વ્યાપ્યો છે. મોડાસા ડેપોમાંથી કોલેજમાં જવા માટે બેસતા પાસધારક વિદ્યાર્થીઓને કોલેજનું સ્ટેન્ડ ન હોવાનું કહી બેમાં બેસવા દેવાતા નથી જ્યારે બાયડ જૂના સ્ટેન્ડે ઉતરવા માટે આગળના સ્ટેન્ડની ટીકીટ લેનાર મુસાફરોને પણ ત્યાં સ્ટેન્ડ નથી તેમ કહી ઉતારવામાં આવતા ન હોવાથી એસ.ટી. વિભાગીય વડા સમક્ષ કંડક્ટરોની મનમાની સામે ફરિયાદ થઈ છે.

એસ.ટી.બસના કંડક્ટરોના ઉદ્ધત વર્તાવના કારણે મુસાફરોને કાયમી હેરાન થવું પડતું હોય છે. લાંબા રૂટની એસ.ટી. બસમાં કેટલાક નિયમોને આગળ ધરી કંડક્ટરો મનમાની કરી રહ્યા છે જેના કારણે કાયમી મુસાફરો તો ઠીક પરંતુ વિદ્યાર્થીઓને પણ હેરાન થવું પડતું હોય છે. બાલાસિનોર ડેપો દ્વારા સંચાલિત બાલાસિનોર-અંબાજી એસ.ટી. બસ સવારે ૮-૪૫ થી ૯-૦૦ કલાક સુધીમાં મોડાસા ડેપોમાં પહોંચતી હોય છે તે સમયે મોડાસા કોલેજના પાસધારક વિદ્યાર્થીઓ અને બાયડ જવા માટે કાયમી મુસાફરો બસમાં બેસતા હોય છે તે સમયે ફરજ પરના કંડક્ટરો મોડાસા કોલેજનું સ્ટેન્ડ નથી તેમ કહી વિદ્યાર્થીઓને ઉતારી દેતા હોય છે. જ્યારે બાયડના મુસાફરો જૂના બસ સ્ટેન્ડ ઉતરવા માટે આગળના સ્ટેન્ડની ટીકીટ લીધી હોય તેમ છતાં તે સ્થળે ઉતારવામાં નિયમ બતાવી કંડક્ટરો મુસાફરો સાથે બોલાચાલી ઉપર ઉતરી આવતા હોય છે. ઘણા સમયથી કાયમી રૂટની એસ.ટી. બસમાં મોડાસા કોલેજ સ્ટેન્ડ અને બાયડના જૂના સ્ટેન્ડ મુદે વિદ્યાર્થીઓ, મુસાફરો સાથે કંડક્ટરો ઘરની ધોરાજી ચલાવી રહ્યા છે જેથી કેટલાક જાગૃત મુસાફરો દ્વારા બુધવારે હિંમતનગર એસ.ટી. વિભાગીય વડાને ફરિયાદ કરવામાં આવી છે. કંડક્ટરો કોલેજ સ્ટેન્ડ ઉપર થોભાવતા ન હોવાથી વિદ્યાર્થીઓમાં બાલાસિનોર-અંબાજી એસ.ટી. બસના ડ્રાઈવર-કંડક્ટરો સામે આક્રોશ પ્રવર્તિ રહ્યો છે.

કોલેજ સ્ટેન્ડે બસ ઉભી રાખવા સૂચના અપાશે - એસ.ટી. વિભાગીય વડા

બાલાસિનોર-અંબાજી એસ.ટી. બસના કંડકટરોની મનમાનીથી મુસાફરોની સાથે મોડાસા કોલેજના છાત્રો હેરાન પરેશાન થયા છે. હિંમતનગર એસ.ટી. વિભાગીય વડા જી.એચ.ગોસ્વામીને આ અંગે ફરિયાદ થયા બાદ આ અંગે નડીયાદ ડીવીઝનના અધિકારીઓનું ધ્યાન દોરી કંડક્ટરને મોડાસા કોલેજ સ્ટેન્ડ એસ.ટી. બસ ઉભી રાખવા માટે સૂચના અપાશે તેમ જણાવ્યું છે.

ખોટી એફઆઈઆર કરાવી તો ગયા સમજો : ભિલોડા ગેંગ રેપની ખોટી ફરિયાદ મામલે ફરિયાદી સામે ગુનો દાખલ કરાયો

મોડાસા,તા. ૨૩ અરવલ્લી જિલ્લામાં ખોટી રીતે ફરિયાદ કરાવવાની ધાક-ધમકી આપવાનો ટ્રેન્ડ વધી ગયો હોય તેવું લાગ છે, પણ આ બાબતે હવે અરવલ્લી જિલ્લા પોલિસ ગંભીર બની છે અને જો ખોટી ફરિયાદ દાખલ કરાઈ તો આવા લોકો સામે પણ પોલિસ ગુનો નોંધી રહી છે. હાલમાં બે બે ઘટનાઓમાં ફરિયાદી ખોટા સાબિત થયા હતા, જેને લઈને નિર્દોષ વ્યક્તિઓ પર માનહાનિ થતાં પોલિસ એક્શન મોડમાં આવી છે. થોડા સમય પહેલા ભિલોડા પંથકમાં ગેંગ રેપની ફરિયાદ થઈ હતી, જેમાં પોલિસ તપાસમાં ગેંગ રેપ એ તરકટ સામે આવતા પોલિસ હવે કડક કર્યવાહી કરી છે અને ખોટી ફરિયાદ કરાવનાર તેમજ અન્ય એક વ્યક્તિ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી છે.

શું હતો સમગ્ર મામલો

તારીખ ૧૧-૦૬-૨૦૨૨ ના રોજ ભિલોડા તાલુકાના જસવંતપુરા ગામની સીમમાં જંગલમાં સગીરા સાથે કથિત ગેંગ રેપની ઘટના સામે આવી હતી, જેને સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી હતી. જે-તે સમયે ઘટના એવી હતી કે, સગીરાને ત્રણ ઈસમો જંગલમાં લઈ ગયા હતા અને ગેંગ રેપ કર્યો હતો. આ સાથે જ આરોપીઓએ સગીરાને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી એકબીજાને મદદગારી કરી હતી. સમગ્ર ઘટનાની જાણ થતાં ભિલોડા પોલિસ એક્શનમાં આવી ગઈ અને ભિલોડા પોલીસ ઈન્સપેક્ટર એમ.જી.વસાવા તેમજ તેમની ટીમ ધ્વારા તાત્કાલીક તે ગુન્હાની એફ.આઈ.આર. રજીસ્ટર કરવામાં આવી હતી. ઘટનાની ગાંભીરતા જોઈ પોલિસે આકાશ-પાતળ એક કરી ત્રણ આરોપીઓને તાત્કાલીક પકડી પાડ્યા હતા. ગેંગ રેપના ગુન્હાની આગળની તપાસ સંભાળી લઈ ભોગબનનાર સગીરાની જરૂરી મેડીકલ તપાસણી કરાવવામાં આવી હતી અને ફરીયાદ સબંધે સગીરાની વધુ પુછપરછ કરતા સગીરાએ જણાવેલ કે, આ ફરીયાદ ખોટી રીતે કુટુંબના અંગત અદાવતના કારણે આપવામાં આવી હોવાનો ઘટસ્ફોટ કર્યો હતો. ત્યારબાદ પોલિસે ગુન્હાની વૈજ્ઞાનિક ઢબે ઉંડાણ પૂર્વક તપાસ કરતા સમગ્ર મામલો તદ્દન ખોટો અને ઉપજાવી કાઢેલ હોવાનું જણાઈ આવતા પોલીસ ઈન્સપેક્ટર એમ.જી.વસાવા ધ્વારા ગેંગરેપ બાબતે આપેલ ફરીયાદના ફરીયાદી તથા જે ઈસમના કહેવાથી આ ફરીયાદ ફરીયાદીએ આપેલ તે બન્ને વિરુધ્ધમાં ગંભીર કલમો મુજબનો ગુન્હો રજીસ્ટર કરવામાં આવ્યો છે.

મેઘરજની મોટી પંડુલીમાં પણ આવું જ કંઇક થયું..!

હાલમાં જ મેઘરજની મોટી પંડુલીની એક કોલેજીયન યુવતીની લાશ ૧૬ જૂન ૨૦૨૨ ના રોજ મળી આવી હતી, જેમાં પોલિસે ૪ લોકો સામે ગુનો નોંધ્યો હતો, ત્યારબાદ પોલિસ ફરિયાદમાં સાક્ષી જ આરોપી નિકળ્યો હતો, અને જે લોકો સામે ગુનો નોંધવામાં આવ્યો હતો, તે તમામ લોકોની હત્યામાં સંડોવણી સામે આવી નહોતી.અરવલ્લી જિલ્લામાં આ મહિનામાં બે ઘટનાઓએ ચકચાર મચાવી હતી, જેમાં બન્ને ફરિયાદમાં આરોપીઓ નિર્દોષ સાબિત થયા છે. જિલ્લા પોલિસ તંત્ર દ્વારા ખોટી ફરિયાદ કરાવનારા સામે પણ ગંભીર કલમ લગાવીનો કાયદેસરની કાર્યવાહી કરવાની તજવીજ હાથ ધરી છે. ભિલોડામાં ગેંગ રેપ અને પોક્સો કલમ લગાવીને અંગત અદાવતમાં ૩ ઈસમોને ફસાવવાના કેસમાં બે લોકો કે જેઓ ફરિયાદી હતી તેમની સામે પોલિસે ફરિયાદ નોંધીને કાર્યવાહી કરી છે.